અપીલ અરજી નં.૭૬ તા.૨૨–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રીમતિ અરૂણાબેન વિરેન્દ્ર શાહ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતિ અરૂણાબેન વિરેન્દ્ર શાહ આઈ ડી નં.૧૪૨૬ તા.૧૮–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧૦ નોંધ નં.૧૨૧૨ ના ઉપર તૈયાર થયેલ પાર્શ્વનાથ કોમ્પલેક્ષના ફલેટ નં.૧૦૨અને ૧ ૦૪, ૨૦૩ થી ૨૦૬,૩૦૫ ,૪૦૪,૪૦૬અને ૫૦૧ થી ૫૦૩ ની જરૂરીયાતો દસ્તાવેજના કામે હોવાથી માંગ્યા મુજબની કબ્જારસીદની નકલ આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૬–'૦૯ ની અપીલ અરજી નં.૭૬/૨૦૦૯–૧૦

શ્રીમતિ અરૂણાબેન વિરેન્દ્ર શાહ આઈ ડી નં.૧૪૨૬ તા.૧૮–૩–૦૯ ની અરજીથી વિષયમાં નિર્દિષ્ટ માહિતી બાબતે નં.એઆરડી/૧૬૨ તા.૧૮–૪–૦૯ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને દિન–૩૩ જેટલા વિલં બથી તા.૨૨–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે ત્રાહિત અંગે કોઈ કાર્યવાહી હાથ ધરી હોય તો તે તથા આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૫ તા.૧–૭–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૮–૩–૦૯ ની અરજીથી અરજીથી વોર્ડ નં.૧૦ નોંધ નં.૧૨૧૨ ના ઉપર તૈયાર થયેલ પાર્શ્વનાથ કોમ્પલેક્ષના ફલેટ નં.૧૦૨ અને ૧૦૪, ૨૦૩ થી ૨૦૬,૩૦૫ ,૪૦૪,૪૦૬અને ૫૦૧ થી ૫૦૩ ની જરૂરીયાતો દસ્તાવેજના કામે હોવાથી માંગ્યા મુજબની કબ્જારસીદની નકલ આપવા બાબતે માંગણી કરવામાં આવેલ. જેના અનુસસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી એઆરડી/૧૬૨ તા.૧૮–૪–૦૯ થી માંગવામાં આવેલ રકર્ડ સુરત શહેરમાં આવેલ પૂર પરિસ્થિતિ સમયે રેકર્ડ રૂમમાંથી અન્ય સ્થળે તબદીલ કરવામાં આવેલ હોય જે રેકર્ડ હાલ તાત્કાલીક તપાસ કરતાં મળી શકેલ ન હોય રેકર્ડ તપાસની કામગીરી ચાલુ છે જેને બનતી ત્વરાએ શોધ કરી તેની જાણ કરવામાં આવશે તેવી માહિતી આપેલ પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતીના ઈન્કાર અંગેના કોઈ અપવાદ જણાવેલ નથી. તેમજ સદર રેકર્ડ સ્થળાંતર વખતે પૂરમાં નાશ પામેલ હોય કે અન્ય રીતે દફતરનો નિકાલ થયેલ હોય તો નિકાલ તે અંગે ઉપલબ્ધ રેકર્ડની યાદીની નકલ આધારીત માહિતી પૂરી પાડેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી મળેલા જવાબથી નારાજ થઈ દિન–૩૩ ના વિલંબથી માહિતી અપાવવા તેમજ વિના મૂલ્યે અપાવવાની અપીલમાં રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ અરજી કરેલ છે જે પ્ર થમદર્શીય રીતે ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દને અને પારદર્શિતાનો હેતુ ધ્યાનમાં રાખીને અરજદારની વિલંબિત અપીલ ગ્રાહય રાખવામાં આવે છે.

અત્રે એ પણ સૂચક છે કે અરજદારે વારસદારના નામે કબ્જા રસીદ દસ્તાવેજોની માંગણી કરેલ છે. જે આરટીઆઈ એકટની કલમ–૮(૧) ઈ હેઠળ વ્યકિતને વિશ્વસનીય સબંધ હેઠળ ઉપલબ્ધ માહિતી પ્રકારની છે અને તે ઈન્કારના અપવાદ હેઠળ પણ આવી શકે. કારણકે વારસદાર પાસે તેવા મૂળ દસ્તાવેજોની નકલ અધિકૃત રીતે હોવાનું અનુમાનિત છે જ. તેમ છતાં અરજદારે તેનો આગ્રહ રાખેલ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની મુળ અરજી તા.૧૮–૩–૦૯ થી માંગેલ માહિતી બાબતે માહિતી હેઠળના દફતરની હકીકતલક્ષી સ્થિતિ દફતર નિકાલ કે નાશ કરેલ હોય તો તેના આધાર સહિતની વિગત અન્યથા બાબત હેઠળના ઉપલબ્ધ દફતરની તપાસણી પૂરી પાડી અરજદારે માંગેલ નકલ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ – ૦૯

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રીમતિ અરૂણાબેન વિરેન્દ્ર શાહ,